જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૪૮/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૫૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૪૦,૫૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૪૯/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૫૦/૧૪</u>**

**નરોડા :** કેસરબહેન તે મનુજી બિહોલાની વિધવા પત્ની (રહે.ગામ : મગોડી, રાજપુતવાસ પો.ડભોડા, જી.ગાંધીનગર) એ તા.૧૧/૧૦/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૦/૧૪ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે નરોડા ગામ દરબારવાસ, વેરાઇમાતાનાં મંદિર નજીકથી પોતાના પુત્ર જનક (ઉ.વ.૧૭)ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.સડાત ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ : -</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૫૧/૧૪</u>**

**રામોલ :** ગણપતભાઇ ગેમાભાઈ બારીયા (ઉ.વ.૩૨)(રહે.પામ હોટલ પાસે, ઓઢવ) તા.૧૧/૧૦/૧૪ સાંજનાં ૭/૫૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ રીંગ રોડ માન પેલેસ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે ગણપતભાઇને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં ગણપતભાઇનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ગણપતભાઈના ભત્રીજા અર્જુન અનુપભાઇ બારીયાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એ.પંડ્યા ચલાવે છે.

**ઓઢવ :** કાંતિલાલ બેચરભાઇ પ્રજાપતિ(ઉ.વ.૫૪)(રહે.ગામ: કઠવાડા, નવો પ્રજાપતિવાસ, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) તા.૧૧/૧૦/૧૪ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ ગુરૂદ્વારા સામે આવેલ દેવાશીષ કોમ્પલેક્ષ નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એ.એમ.ટી.એસ. બસ નંબર જીજે.૧.બી.વી.૯૯૮૨ રૂટ નંબર ૧૪૮ ના ચાલક અનવરભાઇ જીવાભાઇ મનસુરી (રહે.અજીત રેસીડેન્સી, અજીત મીલ કંમ્પાઉન્ડ, રખિયાલ રોડ) એ બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કાંતીલાલને ટક્કર મારતાં, કાંતીલાલને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કાંતીલાલના પુત્ર ભરતભાઇ પ્રજાપતિએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૫૨/૧૪**

**વસ્ત્રાપુર :** ગુણંવત મફતજી ઠાકોર (ઉ.વ.૩૩)(રહે.ઉન્નતિ ફ્લેટ, વસ્ત્રાપુર) એ કોઇ કારણસર તા.૧૧/૧૦/૧૪ કલાક ૬/૩૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**મેઘાણીનગર :** સંજુદેવી ચીરોવીલાલ બઘેલ (ઉ.વ.૩૨)(રહે.શ્યામનગર સાવધાનની ચાલી, મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી જઇ તા.૧૧/૧૦/૧૪ કલાક ૭/૦૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.